



સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ સમાપન સમારોહની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રવિવારે ૧૨ જાન્યુઆરી ટાઉનહોલ ખાતે તેમજ મહાત્મા મંદિર ખાતે વિવિધ કાર્યક્રમો સરકારશ્રી તરફથી હાથ ધરવામાં આવ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ઉત્તરાયણના પર્વમાં વધુ ઈમરજન્સી કોલ્સને પહોંચી વળવા ૧૦૮ સજ્જ

## આડા દિવસની સરખામણીમાં ૨૮ જેટલા કોલ વધુ મળે છે

ગાંધીનગર, તા. ૯

ઉત્તરાયણમાં પતંગ મહોત્સવની ઉજવણી દરમિયાન કાતિલ દોરીના લીધે આમ નાગરિકોને પણ ગંભીર ઈજાઓ થતી હોવાના બનાવો પ્રકાશમાં આવે છે. ઘણીવાર વાહનચાલકો માટે દોરીથી થતી ઈજા જાનલેવા પુરવાર થાય છે. આ ઉપરાંત પતંગ ચગાવવા અને પકડવાની મથામણમાં પણ દુર્ઘટના બનતી હોય છે. આવા સંજોગોમાં ઈજાગ્રસ્તને ત્વરિત સારવાર પુરી પાડી જીવ બચાવવા ૧૦૮ ઈમરજન્સી કક્ષાએ વિશેષ તકેદારીના ભાગરૂપે યોગ્ય વ્યવસ્થા ગોઠવવાનું આયોજન કરી દેવાયું છે. આડા દિવસોની સરખામણીમાં ઉત્તરાયણના પર્વ દરમિયાન ૧૦૮ને ૨૮ જેટલા કોલ્સ વધુ મળતા હોવાથી ઈમરજન્સી સેવા માટે વિશેષ તૈયારી રાખવામાં આવી છે.

ઈમરજન્સી સેવાના ચીફ ઓપરેટીંગ ઓફિસર જશવંત પ્રજાપતિના જણાવ્યા મુજબ ૧૦૮ ઈમરજન્સી રીસપોન્સ સેન્ટર તહેવારના સમયમાં અપેક્ષિત વધતી ઈમરજન્સીને પહોંચી વળવા સજ્જ છે. આગામી ઉત્તરાણ પર્વ દરમિયાન પણ કોલ વેળાએ ઝડપથી એમ્બ્યુલન્સ સેવા આપવા કટીબદ્ધ છે. વધુ કોલ્સને પહોંચી વળવા હોસ્પિટલ અને કામા સેન્ટરોમાં પણ સંકલન માટે હાલ સ્ટાફ ફાળવવાની વ્યવસ્થા કરી છે. એમ્બ્યુલન્સમાં પણ જરૂરી તમામ દવાઓ અને સાધનસામગ્રી ઉપલબ્ધ હોય છે. તમામ પાયલટ, ઈ.એમ.ટી. તથા ડોક્ટરને એમ્બ્યુલન્સ માર્ગ પરથી પસાર થાય તે વખતે સચેત રહેવા જણાવાયું છે. તેમણે જણાવ્યું હતું કે આડા દિવસે ગાંધીનગર જિલ્લામાંથી ૫૨ જેટલા કોલ્સ મળતા દોડી છે. જ્યારે ઉત્તરાયણના પર્વ દરમિયાન મહત્તમ ૭૬ થી ૮૧ ઈમરજન્સી કોલ્સ મળે છે.

### ઉત્તરાયણ માટે ૧૦૮ તરફથી માર્ગદર્શન

**શું કરવું જોઈએ**

- પતંગ ચગાવતાં પહેલાં આંગળીઓને મેડીકેટેડ ટેપ લગાવી જોઈએ.
- બાળકોએ વાલીની દેખરેખ હેઠળ પતંગો ચગાવવાં જોઈએ.
- વાહન સવારે હેલ્મેટ અવશ્ય પહેરવું જોઈએ.
- જો કોઈ ને કંઈ ઈજા થાય તો ૧૦૮ નંબર ડાયલ કરવો.
- અગાસીમાં ફસ્ટ એઈડ કીટ અવશ્ય રાખવી.

**શું ના કરવું જોઈએ ?**

- લીસી, ખરબચડી, તુટેલી અને નબળી અગાસી/છત કે ધાબા પર ઉભું ન રહેવું જોઈએ.
- ઉંચાઈએથી જમીન પર કુદવું ન જોઈએ.
- જાહેર રસ્તા પર પતંગ પકડવા દોડવું ન જોઈએ.
- ઈલેટ્રિક વાયર, રોડ અને વીજળીનાં થાંભલાંથી નજીક પતંગ ચગાવવા ન જોઈએ.
- અગાસી/છત કે ધાબાની પાળી પર ચઢવું ન જોઈએ.

૧૦૮ ઈમરજન્સીના આ અજોડ મોડલથી અત્યાર સુધી ૮૫૭૨૯ જીંદગીઓ બચાવી અને ૪૨ લાખ કરતાં પણ વધુ ઈમરજન્સીને સમયસર પ્રતિસાદ આપેલ છે. આ ખરેખર ૨૪-૭ કામ કરતાં અત્યંત ઉત્સાહી અને યુવાન કર્મચારી ગણ કે જે પાછુ જોયા વગર રોજ અમુલ્ય જીવન બચાવવાની ખુશી માણી રહી છે અને ૧૦૮ને ભારતની પ્રથમ ઈમરજન્સી રીસપોન્સ સેવા બનાવી છે.

# સે. ૧૧માં અડચણરૂપ લારી ગલ્લાઓ પર પોલીસનો સપાટો

## ૮ લારી-ગલ્લા ધારકો સામે ગુનો દાખલ કરી કાર્યવાહી આરંભી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના કોમર્શીયલ કોમ્પલેક્ષો બહાર પાર્કિંગ અને ટ્રાફીકની સમસ્યા વિકટ બની છે ત્યારે એક તરફ કોમર્શીયલ કોમ્પલેક્ષને નોટીસ ફટકારવા છતાં પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાઈ નથી અને બીજી તરફ પાર્કિંગ કરી શકાય તેવી જગ્યાએ લારી-ગલ્લા ધારકો ઉભા રહી જાય છે. જેને પગલે સમસ્યા વધુ વિકટ બની છે. પોલીસે આવા (અડચણરૂપ લારી-ગલ્લા ધારકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી સપાટો બોલાવ્યો છે.

સેક્ટર-૭ પોલીસની ટીમે આ સમસ્યાને પગલે સેક્ટર-૧૧ના કોમર્શીયલ કોમ્પલેક્ષોની બહારની બાજુ ઉભા રહેતા લારીગલ્લાઓ સામે કડક કાર્યવાહી આરંભી છે. આડેધડ અડચણરૂપ ખડકી દેવાયેલા લારી ગલ્લાઓ પર પોલીસે સપાટો બોલાવી લારીઓ હટાવી દેવાઈ હતી. દબાણ તંત્રનું કામ પોલીસે કરવાનો વારો આવ્યો છે. લાઈનસર ખડકી દેવાયેલી ૮ લારી-ગલ્લા ધારકો સામે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે પોલીસે લાલ આંખ કરી તેમ છતાં બીજે દિવસે લારી-ગલ્લા ધારકો તે જ સ્થિતિમાં ગોઠવાઈ ગયા હતા.

# ફૂટપાથ આસપાસ ખદબદતી ગંદકીથી મોર્નિંગ વોકર્સને ગુંગળામણ

ગાંધીનગર, તા. ૮

શહેરમાં કરોડાના ખર્ચે નિર્માણ કરાયેલી ફૂટપાથ આસપાસ કચરાના ઢગ ખડકાતા સવારે મોર્નિંગ વોક માટે જતા નાગરિકો ગંદકીની અસરથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. આસપાસ ખદબદતી ગંદકી વચ્ચે કેટલાક ઠેકાણે વોક વે પર બ્લોક પણ તૂટી ગયા છે. ઘ-૨ થી ગ-૨ તેમજ 'ગ' માર્ગ પર વોક વે આસપાસ ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. ફૂટપાથ પાછળનો તોતિંગ ખર્ચ પણ માથે પડ્યો છે.

શહેરના મુખ્યમાર્ગો ઉપરાંત સેક્ટરોના એપ્રોચ માર્ગ આસપાસ ફૂટપાથ નિર્માણની કામગીરી માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરમાં૯૬ કિ.મી. વિસ્તારમાં ફૂટપાથનું નેટવર્ક ઉભુ કરવામાં આવ્યું છે. જ્યારે ૨૬ કિ.મી.ના બાકી કામ માટે પણ મંજુરી આપી દેવાતા આગામી મહીનામાં કામ શરૂ થશે પરંતુ ફૂટપાથ નિર્માણ બાદ સ્વચ્છતા અને જાળવણીના અભાવે આ તોતિંગ ખર્ચનો કોઈ હેતુ સરતો નથી. કેટલાક ઠેકાણે સેક્ટરોમાં ઘુસવાના શોર્ટકટસ માટે ફૂટપાથમાં ગાબડા પાડવામાં આવ્યા છે. વાહનો દોડાવાતા ફૂટપાથ બેસી ગઈ છે. આ ઉપરાંત વોક વે આસપાસ કચરાના થર જામી જતા હવે ફૂટપાથ પર વોકીંગ માટે જવાનું પણ આમ નાગરિકો માટે મુશ્કેલ બની રહ્યું છે. ફૂટપાથ પર તુટેલા બ્લોક પણ વોકીંગ કરનારા સિનિયર સિટીઝન્સ માટે જોખમી બન્યા છે. ઘ-૨ થી ગ-૨ તરફ જવાના માર્ગ આસપાસ સ્થિત વોક વે ની બાજુમાં વનવિભાગની ખુલ્લી જગ્યામાં અસહ્ય ગંદકી ખદબદી રહી છે. સે. ૩ના રહેણાંક વિસ્તારને અડીને જ વોક વેની બાજુની સાઈડ પર ખદબદતી ગંદકી મોર્નિંગ વોકવે માટે પણ ગુંગળામણનું કારણ બની છે.

જ્યારે ગ-૨ થી ગ-૦ તરફ જવાના વોક વે આસપાસ પણ આવી જ સ્થિતિ છે. કેટલાક ઠેકાણે ફૂટપાથ માટી નીચે દબાયેલી જોવા મળે છે. આસપાસ ખોદકામ થયા બાદ યોગ્ય માટીપુરાણ પણ થયું નથી. આમ નાગરિકોને વોકવેની સુવિધા પુરી પાડવા કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે.



હાલમાં શિયાળાની ઋતુમાં સૌ નાગરિકો ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રો તથા ખોરાકમાં ગરમ-મસાલાયુક્ત ચીજવસ્તુનો વિશેષ ઉપયોગ કરે છે. પરંતુ શિયાળામાં ફળ તરીકે ઉત્તમ શક્તિવર્ધક તરીકે આંબળા અને પપૈયુંનો વિશેષ લાભકર્તા ગણી શકાય છે. આમ પપૈયું ખાવામાં ખૂબ સ્વાદિષ્ટ અને ગુણકારી છે. પપૈયું ખાવાથી શરીરમાં ગરમીનું સહેજ સિંચન થાય છે. પપૈયું ખાવાથી હાર્ટએટેક તથા ડાયાબીટીશના દર્દીઓ માટે રાહત આપે છે. ચિલોડા પંથકમાં દેશી પપૈયાનું વેચાણ કરતા લારીવાળાના આવન-જાવનથી લોકો પપૈયું મન મુકી ખરીદી કરી રહ્યા છે.

# ડે. સેકશન ઓફીસરે દહેજની માંગણી કરી ઘરેથી કાઢી મુક્યાની પત્નિની ફરીયાદ

## પતિ, સાસુ-સસરા સહિત પાંચ સભ્યો સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૦

શહેરના સે. ૨૪માં રહેતા અને એક ખાનગી ખાતામાં શિક્ષિકા તરીકે નોકરી કરતા અલ્પાબેને મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના ડે. સેક્શન ઓફીસર પતિ રણવિરસિંહ હઠીસિંહ જેતાવત, સસરા હઠિસિંહ માધુસિંહ જેતાવત, સાસુ વિજુબા હઠિસિંહ જેતાવત, દિયર રાજદિપસિંહ અને વિભાબા હઠિસિંહ જેતાવત પાંચેય સભ્યોએ મળીને તેમની પાસેથી બાઈક, ફ્રિઝ, ટીવી તથા પાંચ લાખ રૂપીયા દહેજની માંગણી કરી શારીરિક માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું છે. તેમના પતિ સહિત સાસરીયાઓએ મારઝુડ કરી ત્રાસ આપીને કેરોશીન છાંટી સળગાવી મારવાની ધમકી આપી હોવાની ફરીયાદ નોંધાવતા મહિલા પી.આઈ. મિનાક્ષીબેન પટેલે તપાસ શરૂ કરી છે.

## અમદાવાદમાં ૧૨મી જાન્યુઆરીએ વતન પ્રેમી એનઆરઆઈઓને પોંખવાના કાર્યક્રમનું આયોજન

દરિયાપાર વિદેશમાં વસતા સાચુકલા વતનપ્રેમી ગુજરાતીઓ એક યા બીજી રીતે વતન સાથે જોડાયેલા રહેતા હોય છે. આવા વતન પ્રેમી ભારતીયોને પોંખવાનો એક કાર્યક્રમ તા. ૧૨મી જાન્યુઆરીએ અમદાવાદની 'આટેરા'ની બાજુમાં આવેલ એએમએના જે.બી. ઓડિટોરીયમમાં યોજવામાં આવ્યો છે. સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન યોજાનાર છે. આ સમારંભમાં અમદાવાદની વિખ્યાત 'સેવા' સંસ્થાના સ્થાપક ઈલાબેન ભટ્ટ સમારંભના પ્રમુખપદે અને યુએસએ ખાતેના ભારતીય અગ્રણી હીરૂભાઈ પટેલ સમારંભના અતિથિ વિશેષ પદે સ્થાન શોભાવશે. જાણીતા સંપાદક રમેશ તન્નાની આરએએ પોઝીટીવ મીડીયા દ્વારા આયોજન કરવામાં આવે છે.

## અનુસૂચિત જાતિના અધિકારીઓનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

નવચેતના દ્વારા સરકારમાં ફરજ બજાવતા આઈએએસ, આઈપીએસ, આઈઆરએસ અને વર્ગ-૧ અને વર્ગ-૨ના અનુસૂચિત જાતિના અધિકારીઓનું સ્નેહમિલન તા. ૧૨, જાન્યુઆરી, રવિવાર, બપોરે ૩.૦૦ કલાકે શ્રદ્ધા પાર્ટી પ્લોટ, જી.આઈ.ડી.સી. સે. ૨૫ ખાતે યોજવામાં આવશે. મોટી સંખ્યામાં અધિકારીઓને પધારવા દેવેને વર્મા તંત્રી આપણું ગુજરાત, કે.પી. વાઘેલા નિવૃત્ત એડ કલેક્ટર નિમેષ વાઘેલા કન્વીનર સહિત આયોજક સમિતિએ જણાવ્યું છે.

# સે-૩૦ના ઝુંપડાવાસીઓની વિવિધ સમસ્યાઓ અંગે વસાહત મહામંડળને રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સેકટર જીટીએસના ઝુંપડાવાસીઓએ વિજળી પાણીના કનેકશન મુદ્દે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. વસાહત મહામંડળના પ્રમુખે તેમની સમસ્યાઓ જે તે ખાતામાં રજૂઆત અર્થે મોકલી આપવાની ખાત્રી આપી હતી.

સે-૩૦ના ઝુંપડાવાસીઓની પાણીની સમસ્યા અંગે પાણી પુરવઠા બોર્ડમાં, વિજળીની સમસ્યા અંગે ટોરેન્ટ પાવર કંપની અને વિજળી વિભાગમાં રજૂઆત કરાશે. શૌચાલય અંગેની સમસ્યા બાબતે પણ વસાહત મહામંડળના પ્રમુખે કલેકટરને રૂબરૂ મળીને રજૂઆત કરવાની અને જે ઝુંપડાવાસીઓને બીપીએલ કાર્ડ ના મળ્યા હોય તો તે અંગે પણ ઘટતું કરવાની હૈયાધારણ આપી હતી.

વસાહત મહામંડળના પ્રમુખના હુંફાળા પ્રતિભાવ અંગે ઝુંપડાવાસીઓએ પણ ઋણ સ્વીકારી ભવિષ્યની કોઈ પણ ચુંટણીઓમાં કોઈ પણ પક્ષ તરફથી દારુની બોટલ નહીં સ્વીકારે અને જે પક્ષ તેમનું કામ કરશે તેને જ વોટ આપશે તેવું વચન આપ્યું હતું.



**ચિલોડા મોટા ખાતે ઠંડીથી બચવા ઠેર ઠેર તાપણીથી હૂંફ મેળવતા ગ્રામજનો**

બરફીલા પવનોથી શીતલહેરો લહેરાઈ રહી છે. સૌ નાગરીકો ઠંડીના સુસવાટા પવનોથી ઠુંઠવાઈ રહ્યા છે. શિયાળાની મોસમમાં ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરો લીલાછમ પાકોથી લહેરાય છે. ત્યારે ખુલ્લા વિસ્તારોમાં રહેતા ગ્રામ્યપ્રજા મોડી સાંજે ઠંડીથી બચવા અનેક ગરમ વસ્ત્રો ઓઢી ખેતી અને પશુપાલન વ્યવસાયમાં ધંધા-રોજગારમાં વ્યસ્ત બન્યા છે. ત્યારે ખેતરોમાં રાત્રે પાકને પાણી પિવડાવવા તથા પાકના ભેલાણને બચાવવા રાત્રી જાગરણ કરી રહ્યા છે. ત્યારે ગ્રામજનો મોડી સાંજે ગામની શેરીએ શરીએ ભેગા થઈ સુકા લાકડા તથા છાણાં એકત્રીત કરી સામુહિક ઠંડીથી બચવા તાપણી સળગાવી રોજબરોજની સામાજિક અને આર્થિક બાબતોની ચર્ચા વિચારણાનો દોર ચલાવી તાપણીનો તાપ લઈ રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સોમવારે પરીક્ષા યોજી ગાંધીનગરની કોન્વેન્ટ શાળાઓએ વિદ્યાર્થી-વાલીઓની ઉત્તરાયણ બગાડી

## શનિ-રવિની રજા હોઈ સળંગ ચાર દિવસ મળતા વતનમાં મકરસંક્રાંતિ ઉજવવાના કર્મચારી વાલીઓના મનસુબા પર પાણી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની કેટલીક કોન્વેન્ટ શાળાઓએ વિદ્યાર્થીઓ તથા વાલીઓની ઉત્તરાયણની મજા કિરકીશ કરી નાંખી છે. મકરસંક્રાંતિ તહેવારમાં આવતી રજાઓની વચ્ચે પરીક્ષા ગોઠવીને આ શાળાઓએ શહેરના કર્મચારી વાલીઓના વતનમાં તહેવાર ઉજવવા જવાના મનસુબા પર પાણી ફેરવી નાંખ્યું છે.

એક તરફ ગુજરાત રાજયના વિકાસ પુરુષ મુખ્યમંત્રી 'કાઈટ ફેસ્ટીવલ' દ્વારા ઉત્સવની સાથે સાથે વિકાસને સાંકળવા પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે બીજી તરફ રાજયના પાટનગર ગાંધીનગરમાં જ કોન્વેન્ટ શાળાઓએ આ પ્રાચીન તહેવાર અને તેના મહત્વ તરફ નકારાત્મક વલણ અપનાવ્યું હોય તેવું ભાસી રહ્યું છે. આ વખતે ઉત્તરાયણ મંગળવારે આવતી હોઈ તેમજ તેની આગળના શનિવાર માસના બીજા અઠવાડીયાનો શનિવાર હોઈ સળંગ શનિવાર, રવિવાર અને મંગળવારની રજા ગોઠવાઈ હતી. આ ઉપરાંત ઉત્તરાયણના આગળના દિવસે પણ પતંગ દોરીની તૈયારી કરવા માટે અડધી રજા આપવાનો શિરસ્તો પણ ધ્યાનમાં રાખીને કર્મચારીનગરના ઘણા કર્મચારી વાલીઓએ આ વર્ષે વતનમાં મકરસંક્રાંતિ ઉજવવાનો મનસુબો ઘડયો હતો તેમજ આ અંગે તૈયારી પણ કરવા માંડી હતી. સળંગ ચાર રજાના વતનમાં જવાના આ કાર્યક્રમ ઉપર છેલ્લી ઘડીએ કોન્વેન્ટ શાળાના સંચાલકોએ પાણી ફેરવતા સોમવારે પરીક્ષાનું આયોજન ગોઠવી દીધું હતું. જેથી વાલીઓએ તેમના કાર્યક્રમો રદ કરવા પડયા હતા અને વિદ્યાર્થીઓનો ઉત્સાહમાં પણ પંકચર પડવા પામ્યું છે.

શાળાના સત્તાવાળાઓ શું આ લોક તહેવારથી માહિતગાર નહીં હોય? તહેવાર પણ ભારતીય જીવનનું અભિન્ન અંગ છે તો વિદ્યાર્થીઓ અને વાલીઓને લાગણી પ્રત્યે સભાવનતા રાખી પરીક્ષાનું આયોજન એકાદ દિવસ વહેલું કે મોડું શા માટે ગોઠવ્યું નહીં? આવી ઉત્સવ વિરોધી અને વિદ્યાર્થીઓના ઉમંગ પ્રત્યે નકારાત્મકતા ઉભી કરતું આયોજન કરવાનું પ્રયોજન શું હશે? આવા તો અનેક પ્રશ્નો વાલીઓમાં ઘુમરાઈ રહ્યા છે અને સમગ્ર બાબત ચર્ચાને ચકડોળે ચડી જવા પામી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૮
સૂર્યાસ્ત : ૫.૫૬

## તાપમાન

મહત્તમ : ૨૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૦૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૪૦ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૦૦, ૬.૦૦
ટાઈમપાસ (મરાઠી) : ૩.૦૦
શોલે -૩ડી : ૯.૦૦
: સ્ક્રીન-૨ :
દેશ ઈશ્કિયા : ૧૦.૧૫, ૪.૧૫,૧૦.૧૫
યારીયા : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૧૫, ૯.૪૫
યારીયા: ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
યારીયા : ૯.૧૫, ૩.૩૦, ૪.૧૦.૦૦
જિલ્લા (તમિલ) : ૧૨.૦૦ ● વિરામ(તમિલ) : ૬.૩૦

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૬ :
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ :૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
દેઢ ઈશ્કીયા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૫.૦૦, ૧૦.૦૦
દેઢ ઈશ્કીયા : ૨.૦૦ ૧૦.૦૦ ● યારીયા : ૭.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : ધર્મ, ધ્યાન સંબંધિત કાર્યોમાં સમય પસાર થશે. આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદોથી બચવું.

**વૃષભ** : ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ મળશે. પ્રયત્નો ચાલુ રાખવા. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ. આર્થિક લાભનાં સ્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે.

**તુલા** : પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનું સાહસ ન કરવું. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

## ચિરવિદાય

- સ્વ. કમળાબેન બલ્લુભાઈ બનીયા(ઉ.વ. ૫૫) પ્લોટ નં. ૬૪૦/૧, સેકટર-૧૩/એ, ગાંધીનગર.